# Day to Day Current Affairs

29 એપ્રિલ-૨૦૧૫ બુધવાર

૧) **૨૯ એપ્રિલ** : વિશ્વ નૃત્ય દિવસ.

૨) **રાજ રાજેશ્વરી** : ન્યુયોર્ક સીટીમાં પ્રથમવાર જજ તરીકે ભારતીય મહિલાને સ્થાન. રાજેશ્વરી મુળ ચેન્નાઇના વતની છે.

3) **પારૂલ ઇન્સ્ટિટયુટ** : વડોદરાની પારૂલ ઇન્સ્ટિટયુટને હવે ગુજરાત સરકારે પ્રાઇવેટ યુનિવર્સીટી એક્ટ-2009 હેઠળ પારૂલ યુનિવર્સીટીનો દરજ્જો આપ્યો છે. પારૂલ યુનિવર્સીટીના પેર્સીડેન્ટ : જયેશ પટેલ.

૪) **ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ ( ટીઓપી)** : ભારત સરકારે ઓલિમ્પિક રમતોત્સવમાં પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી કરવા માટે ટીઓપી યોજના બનાવી છે. જે અંતર્ગત 45 ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. આ 45 ખેલાડીમાં 17 શુટર્સનો સમાવેશ કરાયો તેમજ 6 બેડમિંટન ખેલાડીનો સમાવેશ કરાયો છે. બાકીના ખેલાડીઓ અન્ય 4 રમતો માટે  પસંદ કરાયા છે.

૫) **ગુલઝાર** : ગીતકાર ગુલઝારે સાથરીનો તેમનો નવો સંગ્રહ પ્લુટો ગ્રહને સમર્પિત કર્યો છે.ગુલઝારનીરચનાઓનો અંગ્રેજી અનુવાદ નિરૂપમાં દત્તે કર્યો છે.

૬) **તાજમહેલ જોવા હવે ઓનલાઇન ટિકિટ મળશે** : IRCTC (ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન) દ્વારા ભારતના સાંસ્કૃતિક મંત્રાલય સાથે એક સમજુતિ કરાઇ છે. જેના ભાગરૂપે પુરાતત્વ સર્વેક્ષણ વિભાગ દ્વારા સ્મારક જાહેર કરાયેલા 116 જેટલા સ્થળોની મુલાકાત માટે વેચાતી ટિકિટની જવાબદારી હવે IRCTC સંભાળશે. જેના ભાગરૂપે IRCTC એ તાજમહેલ અને હુમાયુ કા મકબરા ખાતેથી કામગીરી શરૂ કરી છે. આગામી સમયમાં ગુજરાતમાં પુરાતત્વ વિભાગ દ્વારા સ્મારક જાહેર કરાયેલા ચાંપાનેર-પાવાગઢ, રાણીનીવાવ-પાટણ, લોથલ-અમદાવાદ અને સૂર્ય મંદિરમોઢેરા માટે પણ ઓનલાઇન ટિકિટ મળશે.

www.vivekanandacademy.org